**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ.નવરંગપુરા ,અમદાવાદ.**

**ક્રિ.પ.અ.નં.૬૪૧/૨૦૨૬**
આંક–

અરજદાર : મહેશભાઈ ઉર્ફે સેત્યો સ/ઓ. મેલુભાઈ પશાભાઈ વાઘેલા(કો.પટેલ)
ઉ.વ.આર.૩૦, ધર્મ: હિન્દુ ધંધો: વેપાર
રહે.ખીચા, તા.સાણંદજી.અમદાવાદ.
હાલ રહે.ગામ ભુવાવાસ, તા.સાણંદ જી.અમદાવાદ.
(હાલ જયુડીશીયલ કસ્ટડીમાં)

વિરુધ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

**બાબત : વચગાળાના જામીન ઉપર મુકત થવા માટેની અરજી.**

અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.આર.વૈદ્ય
સામાવાળા સરકાર તરફે વિ.ડી.જી.પી. શ્રી પી. એમ. ત્રિવેદી

**–: હુકમ :–**

૧. આ કામનાં અરજદાર કે જેઓ સાણંદ જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૨૦૦૩૨૫૦૨૯૪/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧),૧૧૫(૨) તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી છે અને અરજદાર/આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલત સમક્ષ સેશન્સ કેસ નં.૪૬/૨૦૨૬ થી ઈન્સાફી કાર્યવાહી ચાલી રહેલ છે. ઉપરોકત ગુન્હાના કામે આ કામનાં અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય,આરોપી તરફે હાલની અરજી દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, અરજદારના સગા ભાઈ

તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન પામેલ છે અને તેમની અંતિમક્રિયા બાદની થતી ધાર્મિક તથા સામાજીક ક્રિયાઓમાં અરજદારની હાજરી ખુબ જરૂરી હોય તેમજ આ ક્રિયાઓમાં થતા ખર્ચને પહોચી વળવા નાણાકીય વ્યવસ્થા કરવા માટે અરજદાર/આરોપીને દિન−૩૦ ના વચગાળાના જામીન આપવા અરજ ગુજારેલી છે.

૨. આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત છે કે, અરજદારના સગા ભાઈ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન પામેલ છે અને તેમની અંતિમક્રિયા બાદની થતી ધાર્મિક તથા સામાજીક ક્રિયાઓમાં અરજદારની હાજરી ખુબ જરૂરી હોય તેમજ આ ક્રિયાઓમાં થતા ખર્ચને પહોચી વળવા નાણાકીય વ્યવસ્થા કરવા માટેઆરોપીને દિન−૩૦ ના વચગાળાના જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

૩. અરજીની નોટિસની બજવણી થતાં વિધ્વાન સરકારી વકીલ શ્રી હાજર થયેલ છે અને તપાસનીશ અધિકારીનુ સોગંદનામુ રજૂ કરેલ છે અને તે તરફ આ અદાલતનું ધ્યાન દોરી તેઓએ દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ−૧૦૩(૧),૧૧૫ (૨) તથા જી.પી.એ.ક.૧૩૫ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે અને અરજદાર વિરુધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી આ અદાલત સમક્ષ મુકરર કરવામાં આવેલ છે અને અરજીમાં કોઈ સ્પષ્ટ કારણ દર્શાવેલ ન હોય અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

District & Sessions Court Ahmedabad Rural सत्यमेव जयते

૪. બંને પક્ષોને સાંભળતાં આ કામે આ અરજદાર ધ્વારા આરોપીનુ અરજીનું કારણ જોતા, અરજદારના સગા ભાઈ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન પામેલ છે અને તેમની અંતિમક્રિયા બાદની થતી ધાર્મિક તથા સામાજીક ક્રિયાઓમાં અરજદારની હાજરી ખુબ જરૂરી હોય તેમજ આ ક્રિયાઓમાં થતા ખર્ચને પહોચી વળવા નાણાકીય વ્યવસ્થા કરવા માટે વચગાળાની જામીન મેળવવા અરજી કરેલ છે. પરંતુ અરજદારના ભાઈ તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ મરણ ગયેલ છે અને તેમની અંતિમ વિધિ પણ પતી ગયેલ છે. હવેની કોઈ વિધિ હોય તો તે તેમના પિતા કે ઘરના કે કુટુંબના અન્ય સભ્યો પણ કરી શકે તેમ છે તેમજ નાણાકીય વ્યવસ્થા પણ તે લોકો કરી શકે તેમ છે. જેથી અરજદાર/આરોપીની હાજરીની ખુબ જરૂર હોય અને તેઓના વગર કોઈ વિધિ અટક જાય તેમ હોય તેવુ કોઈ કારણ નથી.આમ,આરોપીએ પોતાની અરજીમાં જે કારણ દર્શાવેલ છે તે સર્વસામાન્ય કારણ છે તેના સીવાય કોઈ વિશેષ કારણ કે જે કારણસર હાલના અરજદાર/આરોપીની હાજરી જરૂરી હોય અને અરજદાર/આરોપીને તે રીતે જામીન ઉપર મુકત કરવા ખૂબ જ જરૂરી જણાય તેવાં કોઈ સંજોગો અરજદાર/આરોપી દર્શાવી શકેલ નથી કે તેવાં કોઈ આધાર રજૂ કરી શકેલ નથી. વધુમાં આ કામનાં અરજદાર/આરોપીને હાલના તબકકે વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદ પક્ષના પુરાવાને નુકશાન થવાની સંભાવ ના નકારી શકાય તેમ નથી. આરોપી સામે ખુન જેવા ગંભીર પ્રકારનો આરોપ છે તેમજ હાલના અરજદાર/ આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ છે તે તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, આ અરજીમાં દર્શાવેલ કારણ કોઈ વચગાળાના જામીન આપવા માટેનું યોગ્ય કે ઉચીત કારણ જણાતુ ન

હોય, આ અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આ અરજી આથી નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

અરજદાર/આરોપીને જેલ આથોરીટી દ્વારા આ હુકમની જાણ કરવી.

હુકમ આજ તારીખ-૧૨-મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૨/૦૩/૨૦૨૬

**(દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા
કોડ નં.જીજે ૦૦૬૧૨

District & Sessions Court Ahmedabad[Rural]